सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૧ | ૧૧ | ૨૦૨૪ |
| નોંધ્યા તારીખ: | ૨૧ | ૧૧ | ૨૦૨૪ |
| ફેંસલ તારીખ: | ૧૫ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૨૪ |

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના પ્રકરણ નં. ૫ના ૧૭૯(અ) અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ના ઠરાવેલા પર્ફોમા મુજબ**

**આંક–**

## :: નમુના – અ ::

| ખેડા જિલ્લાના મહે. સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશશ્રી, મુ. કપડવંજ. | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૫/૦૫/૨૦૨૬ |
| સ્પે. પોકસો કેસ નંબર | ૫૭/૨૦૨૪ |

## ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | પ્રથમ બાતમી નંબર પાર્ટ એ. ગુના રજીસ્ટર્ડ નં. ૧૧૨૦૪૦૨૬૨૪૦૩૯૦/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન |
| ફરીયાદી | સરકારશ્રી/ભોગબનનારના માતા |
| ફરીયાદી તરફે વિધ્વાન એ.પી.પી. | શ્રી એમ. આર. પટેલ |
| આરોપી | ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ધર્મેશભાઈ વાડીલાલ ડબગર રહે. મકાન નં. ૨૮, રામબાગ સોસાયટી, દાણા રોડ, મુ. પો. તા. કપડવંજ, જિ. ખેડા |
| આરોપી તરફે વિધ્વાન વકીલ | શ્રી એમ. પી. ઓઝા |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૨૭/૦૯/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ : | ૨૭/૦૯/૨૦૨૪ |
| ચાર્જસીટની તારીખ : | ૦૭/૧૧/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૧૭/૦૩/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | ૧૬/૦૬/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૨૪/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ : | ૧૫/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | ૧૫/૦૫/૨૦૨૬ |

## :: આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમય ગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | ઘનશ્યામ ઉર્ફે ભચલો સ/ઓ ધર્મેશભાઈ વાડીલાલ ડબગર | ૨૭/૦૯/૨૦૨૪ | ૨૭/૦૩/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૬ માસ ૦૦ દિવસ |

## :: નમુનો ક ::

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ / ન્યાયલયના સાક્ષીઓની યાદી

## અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૧) | ભોગ બનનારની જુબાની | ભોગ બનનાર |
| ૨) | ભોગ બનનારની માતાની જુબાની | મુળ ફરીયાદી |
| ૩) | લલ્લુભાઈ ગણેશભાઈ વણકરની જુબાની | આચાર્ય |
| ૪) | ડો. કેતન મહેન્દ્રભાઈ મીસ્ત્રીની જુબાની | મેડીકલ ઓફીસર |

| | | |
|---|---|---|
| ૫) | સુનીલકુમાર દશરથભાઈ બારૈયાની જુબાની | ગેસ્ટ હાઉસના મેનેજર |
| ૬) | મયંકકુમાર દશરથભાઈ પટેલની જુબાની | સરકારી પંચસાહેદ |
| ૭) | બ્રીજેશ નવનીતલાલ નાયકની જુબાની | સબરજીસ્ટ્રાર |
| ૮) | ડો. દૈવત રાકેશભાઈ શાહની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૯) | ડો. અશ્વીન ભીખાલાલ ઘોરીની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૧૦) | અજીતભાઈ રામજીભાઈ ચૌધરીની જુબાની | ગુનો દાખલ કરનાર અમલદાર |
| ૧૧) | જનકસિંહ દીલીપસિંહ દેવડાની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**બ) બચાવના સાક્ષી :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

**ક) કોર્ટના સાક્ષી :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ ન્યાયાલય તરફથી રજુ દસ્તાવેજો :**

**અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| ૨ | ૧૭ | અસલ ફરીયાદ |
| ૩ | ૧૮ | ભોગ બનનારનો ચાલુ અભ્યાસનો દાખલો |
| ૪ | ૨૦ | ભોગ બનનારના જન્મની નોંધણીના રજી.ના ઉતારાની નકલ |
| ૫ | ૨૪ | ભોગ બનનારની મેડીકલ તપાસ અર્થેની લેખીત યાદી |
| ૬ | ૨૫ | ભોગબનનારના મેડીકલ તથા હીસ્ટ્રી કેસ પેપર્સ |
| ૭ | ૨૬ | એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ ભોગબનનારના નમુનાનો પત્ર |
| ૮ | ૨૭ | ભોગ બનનારની ટ્રાન્સફર ચીટનુ અડધીયું |
| ૯ | ૨૮ | ભોગબનનારનુ મેડીકલ સર્ટી. |

| | | |
|---|---|---|
| ૧૦ | ૨૯ | આરોપીનુ મેડીકલ તપાસણીની યાદી |
| ૧૧ | ૩૦ | આરોપીના મેડીકલ તથા હીસ્ટ્રી કેસ પેપર્સ |
| ૧૨ | ૩૧ | એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ આરોપીના નમુનાનો પત્ર |
| ૧૩ | ૩૨ | આરોપીનુ મેડીકલ સર્ટી. |
| ૧૪ | ૩૪ | ગેસ્ટ હાઉસના રજીસ્ટરના ઉતારાની નકલ |
| ૧૫ | ૩૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૧૬ | ૩૭ | ભોગબનનારના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામુ |
| ૧૭ | ૩૮ | આરોપીના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામુ |
| ૧૮ થી ૨૫ | ૩૯ થી ૪૬ | પંચસ્લીપો |
| ૨૬ | ૪૯ | જન્મ મરણ રજી.ના ઉતારાની નકલ |
| ૨૭ | ૫૦ | ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર |
| ૨૮ | ૫૪ | ભોગ બનનારનુ ગાયનેક તપાસ માટેની ફેરબદલી ફોર્મ |
| ૨૯ | ૫૪ | ભોગ બનનારનુ મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા બાબતની યાદી |
| ૩૦ | ૫૫ | ગાયનેક તપાસ માટેની ભોગ બનનારની સંમતિ |
| ૩૧ | ૫૬ | એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ ભોગબનનારના નમુનાનો પત્ર |
| ૩૨ | ૫૭ | ભોગ બનનારના ગાયનેક તપાસના કેસ પેપર્સ |
| ૩૩ | ૫૮ | ભોગ બનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૩૪ | ૬૫ | સ્ટેશન ડાયરી |
| ૩૫ | ૭૦ | એફ.એસ.એલ. અહેવાલ પત્ર |
| ૩૬ | ૭૧ | બાયોલોજી, સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |

## બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

**ક) ન્યાયલય દ્વારા આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

**ફરીયાદી તરફે રજુ થયેલ મુદામાલ વિગત :**

| ક્રમ | મુદામાલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આર્ટીકલ નં. ૧ | એક પીળા કલરની ટી–શર્ટ |
| ૨ | આર્ટીકલ નં. ૨ | એક રાખોડી કલરની લેંઘી |
| ૩ | આર્ટીકલ નં. ૩ | એક કાળા કલરની સ્લીપ |
| ૪ | આર્ટીકલ નં. ૪ | એક રાખોડી કલરની નીકર |
| ૫ | આર્ટીકલ નં. ૫ | એક રાખોડી કલરની ટી–શર્ટ |
| ૬ | આર્ટીકલ નં. ૬ | એક કાળા કલરનુ જીન્સ |
| ૭ | આર્ટીકલ નં. ૭ | એક કાળા કલરની પટ્ટીવાળી બનીયાન |
| ૮ | આર્ટીકલ નં. ૮ | એક ભુરા અને રાખોડી કરલના ટપકાવાળો જાંગીયો |

**ગુન્હો : ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબ**

**– :: ચુ કા દો :: –**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૭ /૦૯/૨૦૨૪ના રોજ કલાક ૧૦:૩૦ થી કલાક ૧૨:૩૦ સુધીના સમયગાળા દરમ્યાન મોજે કપડવંજ–નડીઆદ રોડ ઉપર આવેલ આવકાર ગેસ્ટ હાઉસના રૂમ નં. ૧૧૭મા આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર કે જેની ઉમર ૧૪ વર્ષ ૦૩ માસ જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦નાનીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદી ના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેની સાથે એક વાર શારીરીક સંબંધ રાખી ગુનો કરતા જે સબબ ફરીયાદીએ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરેલી.

**કેસ કાર્યવાહીની વિગત :–**

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી સદર કોડની કલમ–૨૪૯ની જોગવાઈઓનું પાલન કર્યા પછી સદર કોડની કલમ–૨૫૧(૧)(બી) પ્રમાણે આરોપી વિરુધ્ધ તહોમતનામું આંક–૦૫થી ફરમાવવામાં આવેલ છે તથા સદર કોડની કલમ–૨૫૧(૨) પ્રમાણે આરોપીનો જવાબ આંક–૦૬થી નોંધી લેવામાં આવેલ છે. આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કબૂલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યાર બાદ ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો. આ કામના આરોપી જામીન ઉપર મુકત છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના–કમાં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૪) ફરીયાદપક્ષે તેઓનો મૌખીક પુરાવો કરતા વધુ મૌખીક પુરાવો આપવા માંગતા નથી તે મતલબની આંક–૭૩થી પુરસીસ આપેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપી વિરુધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશયથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ જણાવેલ છે કે, ભોગ બનનાર અને અમો એક જ સોસાયટીમાં રહેતા હોય એકબીજાને ઘણા વર્ષોથી ઓળખીએ છીએ અને અમારી વચ્ચે મિત્રતાના સબંધો હતા. જે ભોગ બનનારના માતા પિતાને પસંદ ન હતા. જેના કારણે અગાઉ પણ આ કામના ફરીયાદીએ અમોને ખોટી રીતે ઠપકો આપેલ અને તેમણે સદરહુ બનાવ ખોટો અને ઉપજાવી કાઢેલ છે. જે તેમના જ ફરીયાદપક્ષના આંક–૦૩થી તપાસેલ લલ્લુભાઈ ગણેશભાઈ વણકરની જુબાનીથી સ્પષ્ટ થાય છે. ખરી હકીકતે ભોગ બનનાર તા. ૨૫/૦૯/૨૦૨૪ના રોજ કોઈ ઈસમ સાથે ભાગી ગયેલ

છે તેવી હકીકત આંક–૦૩થી તપાસેલ પ્રિન્સીપાલ રૂબરૂ જાહેર કરેલી જે સદરહુ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે અને જેથી જ ફરીયાદીની દીકરી મળી આવતી ન હોય અમારી જુની અદાવત રાખી અમારી સામે ખોટી ફરીયાદ ઉભી કરેલ છે. જે સદરહુ સાહેદે રજુ કરેલ આંક–૧૮ ના સર્ટીફીકેટથી પણ સ્પષ્ટ થાય છે. આમ, સદરહુ કેસ અમારી સામે ખોટો અને કન્નિાખોરીથી ઉભો કરેલો હોય જે અમે નામ. કોર્ટને જાહેર કરીએ છીએ. વધુમાં આ કહેવાતો બનાવ તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ કઢાવવામા આવેલ છે જેથી પણ સ્પષ્ટ થાય છે કે તા. ૨૫/૦૯/૨૦૨૪ના રોજ ફરીયાદીની દીકરી કોઈ ઈસમ સાથે ભાગી ગયેલ છે જેને અમારી સાથે કોઈ જ લેવાદેવા નથી. જે પણ નામ. કોર્ટને જાહેર કરીએ છીએ. વધુમાં જે દીવસે બનાવ બનેલ તે દીવસે એટલે કે તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ ભોગ બનનાર સ્કુલે ગયેલ કે નહી ગયેલ તે અંગેનુ કોઈ દસ્તાવેજી પુરાવો સ્કુલના રેકર્ડ ઉપરથી ફરીયાદપક્ષે નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી.

**શ્રી સરકાર/ફરીયાદપક્ષ તરફે દલીલો**

(૬) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૦૩થી ડી. લીસ્ટ રજુ કરેલ છે. આંક–૧૮થી બોનાફાઈડ સર્ટી. રજુ કરેલ છે. ભોગ બનનાર બનાવ સમયે ધોરણ–૦૯મા અભ્યાસ કરતી હતી. આ કામે આંક–૧૭થી ફરીયાદ રજુ કરેલ છે. આ કામે કુલ–૧૧ સાહેદો તપાસેલ છે. તેમાં સૌ પ્રથમ ભોગ બનનારને સાહેદ નં. ૦૧થી તપાસવામા આવેલ છે. ભોગ બનનારે તેઓની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હોવાનો પુરાવો આપેલ છે. ભોગ બનનારે આરોપીને ઓળખી બતાવેલ છે. આરોપીએ જે રીક્ષા મોકલેલી તેમાં ભોગ બનનાર બેસીને આવકાર ગેસ્ટ હાઉસમાં આરોપીને મળેલ. આરોપી અને ભોગ બનનાર બંને ગેસ્ટ હાઉસમાં ગયેલા જ્યાં રૂમ નં. ૧૧૭મા આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ. ભોગ બનનારે બનાવ વાળી જગ્યા બતાવેલ છે. તેમજ બનાવ સમયે પહેરેલ કપડાં જે પોલીસને આપેલા તે ઓળખી બતાવેલ છે. ભોગ બનનારનો જન્મ અમદાવાદ મુકામે થયેલ છે. બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા ભોગ બનનારે આરોપી અને તેઓ

વચ્ચે પ્રેમ સબંધ હોવાનુ જણાવેલ છે. બનાવ સમયે ભોગ બનનાર એકલી આવકાર ગેસ્ટ હાઉસ નીચે પહોંચેલી. આરોપી બાઈક લઈને રીક્ષાની આગળ જતો હતો. બનાવ સ્થળે ભોગ બનનાર અને આરોપીની હાજરી ભોગ બનનારના પુરાવાથી પુરવાર થાય છે. ભોગ બનનાર અને આરોપી ગેસ્ટ હાઉસમાં ગયા પછી ૨૫ થી ૩૦ મીનીટ પછી ભોગ બનનારના માતાપિતા આવી ગયેલા. આમ, આરોપીએ રીક્ષા મારફત ભોગ બનનારને આવકાર ગેસ્ટ હાઉસમા લાવેલ અને ગેસ્ટ હાઉસમાં રૂમ નં. ૧૧૭ મા લઈ જઈ ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ છે.

(૬.૧) વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલોમાં એવી રજુઆત કરેલ છે કે, સાહેદ નં. ૦૩થી ભોગ બનનાર જે શાળામા અભ્યાસ કરતી હતી તેના આચાર્યને તપાસવામા આવેલ છે. તેમના પુરાવાથી ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હોવાની હકીકતને સમર્થન મળે છે. ભોગ બનનારની ઉમર સાબીત કરવા માટે સાહેદ નં. ૦૭થી બ્રીજેશ નવનીતલાલ નાયક કે જેઓ સબ–રજીસ્ટ્રાર છે. તેઓને તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાથી પણ ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હોવાની હકીકતને સમર્થન મળે છે. ભોગ બનનારની માતાએ પણ તેમની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હોવાનુ જણાવેલ છે. સાહેદ નં. ૦૨થી ભોગ બનનારની માતાને તપાસવામા આવેલ છે. ભોગ બનનારની માતા બનાવ બાદ બનાવ સ્થળે પહોંચેલી હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. રૂમ નં. ૧૧૭ નો દરવાજો ખોલતા ભોગ બનનાર અને આરોપી ત્યાં હાજર મળી આવેલ. તે હકીકતને પણ આ સાહેદે સમર્થન આપેલ છે. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસ મુજબ પણ ફરીયાદી, તેમના પતિ તથા ફરીયાદીના દીયર ગેસ્ટ હાઉસમાં બનાવના દીવસે ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં. ૦૪થી ડો. કેતન મીસ્ત્રી કે જેઓએ ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરેલી. તેઓ સમક્ષ ભોગ બનનારે જે હીસ્ટ્રી આપેલ છે તેમાં પણ આરોપી અને ભોગ બનનાર વચ્ચે શારીરીક સંબંધ બંધાયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

આરોપી શારીરીક રીતે સંભોગ કરવા સક્ષમ હોવાનુ ડોકટરે અભીપ્રાય આપેલ છે. સાહેદ નં. ૦૫થી ગેસ્ટ હાઉસના મેનેજર સુનીલભાઈને તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાથી આરોપી ભોગ બનનારને લઈને બનાવના દીવસે ગેસ્ટ હાઉસમાં ગયેલ હોવાની તથા ૨૦–૨૫ મીનીટ બાદ ભોગ બનનારના માતાપિતા ગેસ્ટ હાઉસમાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં. ૦૬થી પંચસાહેદને તપાસવામા આવેલ છે. જે સાહેદે પંચનામાને સમર્થન કરતો પુરાવો આપેલ છે. બચાવપક્ષે પંચસાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં પણ પંચનામાની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં. ૦૭થી ડો. રાકેશ શાહને તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાથી ભોગ બનનારે સંમતિથી સંબંધ બાંધેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં. ૦૮થી ડો. અશ્વીન ધોરીને તપાસવામા આવેલ છે કે જેઓએ ભોગ બનનારની ગાયનેક તપાસ કરેલ છે. સાહેદ નં. ૦૯થી આઈ.ઓ.ને તપાસવામા આવેલ છે તેઓએ ફરજના ભાગરૂપે જે કાર્યવાહી કરેલ તે બાબતનો પુરાવો આપેલ છે.

(૬.૨) વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલો કરેલ છે કે, બચાવપક્ષે સાહેદ નં. ૧થી જે સાહેદ તપાસેલ છે તેમનો પુરાવો જોતાં પણ તેમના ગેસ્ટ હાઉસમાં ૧૧૭ નંબરની રૂમ આવેલ છે નહી કે, ૧૬૬ નંબરની રૂમ તે સાબીત થાય છે. આરોપીની હાજરી રૂમ નં. ૧૧૭મા હતી તે સાબીત થાય છે. આ કેસ સાંયોગીક પુરાવાનો કેસ નથી. આ કેસ ડાયરેક એવીડન્સનો છે. ભોગ બનનારની જુબાની ઈજા પામનાર સાહેદની જેમ માનવી જોઈએ. બચાવપક્ષે આ કેસ પ્લાન્ટ કરેલ હોવાની દલીલ કરેલ છે પરંતુ આ બાબતે બચાવપક્ષે એક પણ સાહેદને પ્રશ્ન પુછેલ નથી. ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર પાછળથી રજુ થયેલ છે કે કેમ ? તે મહત્વનુ નથી પરંતુ તે સાચુ છે કે કેમ ? તે જોવાનુ રહે છે. ભોગ બનનાર આરોપી વચ્ચે મરજીથી સંબંધ બાંધેલ હોય તો પણ તે દુષ્કૃત્ય જ ગણાય. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા સફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

ફરીયાદપક્ષે તેઓની દલીલોના સમર્થનમા નીચે મુજબનો ચુકાદો રજુ કરેલ છે.

૧) નામદાર ગુજરાત હાઈકોર્ટે ધી સ્ટેટ ઓફ ગુજરાત વિ. અશોકભાઈ સ/ઓ માવજીભાઈ કેશવજીભાઈ પરમારના કેસમાં આપેલ ચુકાદો (ફોજદારી અપીલ નં. ૧૧૫૩/૨૦૧૭ સાથે ફોજદારી અપીલ નં. ૩૯૪/૨૦૧૮, તા. ૧૩/૦૬/ ૨૦૧૮) આ કેસમા નામદાર હાઈકોર્ટે ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉમરની છે. જેથી ભોગબનનારની સંમતિથી શરીર સંબંધ બાંધ્યો હોય તો પણ તે બળાત્કારનો ગુનો ગણાય તેવુ અવલોકન કરેલ છે.

૨) નામદાર સુપ્રીમ કોર્ટે લોક માલ ઉર્ફે લોકુ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ (૨૦૨૫ (૦) એ.આઈ.જે.ઈ.એલ., એસ.સી. ૭૪૮૭૬)ના કેસમા આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે બળાત્કારના કેસમાં ભોગ બનનારના પુરાવાનુ મુલ્ય ઈજા પામનાર સાક્ષીના પુરાવા જેટલું જ હોય છે. ભોગ બનનારની એક માત્ર જુબાનીના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય. ભોગબનનારના નિવેદનમા સામાન્ય વિરોધાભાસ અથવા સામાન્ય વિસંગતતાઓ હોય તો પણ તે કેસના હાર્દને નુકશાન કરતા નથી તેવુ અવલોકન કરેલ છે.

૩) નામદાર સુપ્રીમ કોર્ટે હેમા વિ. સ્ટેટ, ધ ઈન્સ્પેકટર ઓફ પોલીસ મદ્રાસ, ફોજદારી અપીલ નં. ૩૧/૨૦૧૩, તા. ૦૭/૦૧/૨૦૧૩ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમા તપાસમા કેટલીક ખામીઓ હોવાના કારણે અથવા તપાસ અધીકારી તરફથી કોઈ ભુલ હોવાને કારણે તે નીર્દોષ ઠરાવવા માટેનુ કારણ ના હોઈ શકે તેવુ અવલોકન કરેલ છે.

**બચાવપક્ષ તરફે દલીલો :–**

(૭) આરોપી તરફે તેમના વિધ્વાન વકીલ શ્રીએ આંક–૮૩થી લેખીત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી. જેમાં મુખ્યત્વે તેવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે કેસની ફાઉન્ડેશન ફેકટ સાબીત કરવી જોઈએ. જે ફરીયાદપક્ષે કરેલ નથી. ફરીયાદ પ્લાન્ટ કરેલ છે. ગેસ્ટ હાઉસમાં બનાવ બનેલ તેમ છતાં તપાસ કરનાર અમલદારે સી.સી.ટી.વી. રીકવર કરેલ નથી. જેથી આરોપીની હાજરી પુરવાર થતી નથી. વધુમાં મોબાઈલ

ફોનના સીડીઆર પણ કબ્જે કરેલ નથી. ભોગ બનનાર અલગ અલગ જગ્યાએ જુદુ જુદુ બોલે છે જેથી તેને શીખવાડવામા આવેલ હોય તેવુ સ્પષ્ટ બને છે. બનાવ ૧૧ વાગ્યે બનેલો અને ૦૬ વાગ્યે ફરીયાદ આપવામા આવેલ જેથી ફરીયાદ બાબતે શંકા ઉપસ્થિત થાય છે. આઈ. ઓ. એ તેની કેસ ડાયરીમાં સીસીટીવી ફુટેજ બાબતે નોંધ કરેલ નથી. સાહેદ સુનીલભાઈની જુબાની મુજબ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં આરોપીના નામ સાથે અન્ય નીલમબેન સંજયભાઈ ચિત્રોડા લખેલ હતું તેમના પુરાવા તેઓએ લીધેલા જે તેઓએ પોલીસને આપેલા. પરંતુ પોલીસે તે આ કામે રજુ કરેલ નથી. આઈ.ઓ.ની તપાસમા ઘણી ખામીઓ છે.

(૭.૧) વધુમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે, આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો જે ભોગ બનનારના માતાપિતાને પસંદ ના હતો એટલે કેસ પ્લાન્ટેશન કરવામા આવેલ છે. આંક–૨૦થી રજુ થયેલ બોનાફાઈડ સર્ટી. તા. ૨૫/૦૯ /૨૦૨૪ ના રોજ રજુ કરવામા આવેલ છે જયારે બનાવ તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ બનેલ છે. જેથી ફરીયાદ પ્રીપ્લાન્ટ કરીને કરવામા આવેલ છે. ભોગ બનનારના જન્મનો દાખલો કઢાવેલ જે ખોવાઈ ગયેલ તેમ છતાં પાછળથી દાખલો રજુ થયેલ છે. ભોગ બનનારના જન્મનો દાખલો હતો છતાં પોલીસ સ્ટેશનમાં કેમ રજુ કરેલ નથી ? જેથી દાખલા બાબતે શંકા ઉપસ્થિત થાય છે. વિશાલભાઈએ સ્ટોરી નેરેટ કરેલ છે તે નજરે જોનાર સાહેદ છે. તેમને તથા હીરેનભાઈ કે જેઓ મટીરીયલ વિટનેસ છે તેમ છતાં તેઓને તપાસવામા આવેલ નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ ફેટલ બને છે. પોલીસ ગેસ્ટ હાઉસમાં ગયેલી તે હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીની બનાવની જગ્યાએ હાજરી સાબીત થતી નથી. ભોગ બનનાર તેમની જુબાનીમાં અલગ અલગ વર્ઝન જણાવે છે. બાળ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે ખુબ કાળજી રાખવી જોઈએ. બાળ સાહેદ ટયુટર જલ્દી થતાં હોય છે જેથી સહાયક પુરાવો લાવવો જોઈએ. ભોગ બનનાર સાથે જાતિય હુમલો થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. સંબંધ બંધાયેલ હોય તેટલા શબ્દો પુરતા નથી. ફીઝીકલ રીલેશન થયેલ હોવા જોઈએ. પોકસો એકટની

કલમ–૧૨ લાગુ પડતી નથી. ભોગ બનનારના પ્રાઈવેટ પાર્ટ ઉપર કોઈ ઈજાના નિશાન નથી. મેડીકલ પુરાવા ફરીયાદપક્ષના કેસને સપોર્ટ કરતાં નથી. એફ.આઈ.આર.માં વિલંબ અંગે કોઈ ખુલાસો નથી. ભોગ બનનારની ઉમર બાબતનો કોઈ ટેસ્ટ થયેલ નથી. આ કેસમાં પોકસો એકટની કલમ–૨૯ મુજબનુ કોઈ અનુમાન લાગુ પડતુ નથી. ભોગ બનનાર અને આરોપીએ સંમતિથી સંબંધ બાંધેલ હોય તો તેને એસોલ્ટ ગણાય નહી. સંમતિથી બાંધેલ સંબંધને ક્રિમીનલાઈઝ ના કરવા જોઈએ. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

બચાવપક્ષે તેઓની દલીલોના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

૧) નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે મોનુ ઠાકુર વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ (કેપીટલ કેસ નં. ૧૩/૨૦૨૧, તા. ૨૩ માર્ચ, ૨૦૨૨) કેસમા આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમાં નામદાર હાઈકોર્ટે એવુ અવલોકન કરેલ છે કે, પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ હેઠળની ધારણાઓ ત્યારે જ આવશ્યક થાય છે જયારે ફરીયાદપક્ષ ભોગ બનનારની સાથે થયેલ ઘટનામાં આરોપીની સંડોવણી અને જયાં ઈજાઓનો આરોપ હોય ત્યાં તબીબી પુરાવાને સમર્થન આપવા જેવા પાયાના તથ્યો સાબીત કરે.

૨) નામદાર સુપ્રીમ કોર્ટે તોમાસો બ્રુનો વિ. ધ સ્ટેટ ઓફ યુ.પી. અને બીજા (ફોજદારી અપીલ નં. ૧૪૨/૨૦૧૫, તા. ૨૦/૦૧/૨૦૧૫) ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે એવું અવલોકન કરેલ છે કે, સીસીટીવી ફુટેજ એ શ્રેષ્ઠ ઉપલબ્ધ પુરાવો છે અને ગેસ્ટ હાઉસમા સીસીટીવી ફુટેજ રજુ ન કરવાથી પુરાવાના કાયદાની કલમ–૧૧૪(જી) હેઠળ કાર્યવાહી સામે પ્રતિકુળ નિષ્કર્ષ ખાતરી મળે છે.

૩) નામદાર કર્ણાટકા હાઈકોર્ટે મહાદેવ ઉર્ફે પપ્પી વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા (ફોજદારી અપીલ નં. ૧૧૨૬/૨૦૧૪, તા. ૨૧/૦૭/૨૦૨૦)ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે એવું અવલોકન કરેલ છે કે, પોકસો એકટ હેઠળની કાયદેસર

ધારણા આપમેળે કાર્ય કરતી નથી અને વિશ્વસનીય પુરાવા તથા બીજા પાયાના તથ્યો સ્થાપીત થયા પછી જ લાગુ પડે છે.

૪) નામદાર મદ્રાસ હાઈકોર્ટે કે. અન્ન્થા પેરૂમલ વિ. ધ પોલીસ ઈન્સ્પેકટર થાની, (ફોજદારી અપીલ નં. ૫૯/૨૦૧૬, તા. ૩૧/૦૩/૨૦૨૩)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, જયારે ફરીયાદપક્ષ ભોગ બનનારની જુબાની પર આધાર રાખતો હોય પરંતુ આસપાસના સંજોગો, પ્રેમ સંબંધ, સ્વૈચ્છીક ભાગી જવા અને સંમતિ સાથે સુસંગત વર્તન સુચવે છે ત્યારે બળજબરીનો પાછળથી આરોપ શંકાસ્પદ અને દોષિત ઠેરવવા માટે અસુરક્ષીત બની જાય છે.

૫) નામદાર દીલ્હી હાઈકોર્ટે જવાહરલાલ વિ. ધ સ્ટેટ, (ફોજદારી અપીલ નં. ૬૫૫/૨૦૨૨, તા. ૨૫/૦૭/૨૦૨૫)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, ભોગ બનનારના નિવેદનમાં મહત્વની ભુલો અને ત્યારબાદના સુધારા વિશ્વસનીયતાને અસર કરે છે, ખાસ કરીને જયારે પછીના નિવેદનો શરૂઆતના ન્યાયિક નિવેદન કરતાં વધુ જોખમી બને છે.

૬) નામદાર સુપ્રીમ કોર્ટે એસ. વરદરાજન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ, (૧૯૬૫, એઆઈઆર ૯૪૨, તા. ૦૯/૦૯/૧૯૬૪)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, અપહરણના આરોપી સાથે જો છોકરી સ્વેચ્છાએ ગઈ હોય, તો એવું કહી શકાય નહી કે આરોપીએ તેણીને કાયદેસર વાલીપણાથી દુર રાખી હતી અથવા લલચાવી હતી.

૭) નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે અમન વિ. સ્ટેટ ઓફ યુપી, (ફોજદારી પરચુ. અરજી નં. ૫૨૮૮૦/૨૦૨૩, તા. ૦૮/૧૨/૨૦૨૩)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, શારીરીક સંબંધ જેવી અસ્પષ્ટ અભિવ્યકિત પોતે જ પ્રવેશ જાતિય હુમલો સ્થાપિત કરતી નથી. સિવાય કે પ્રવેશ જાતિય હુમલાના કાનુની ઘટકો ખાસ સાબીત થાય.

૮) નામદાર દીલ્હી હાઈકોર્ટે સહજન અલી વતી પરોકરબાનુ ખાતુન વિ. સ્ટેટ, (ફોજદારી અપીલ નં. ૩૯૭/૨૦૨૪, તા. ૨૩/૧૨/૨૦૨૪)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, પ્રેમ સંબંધ અને સ્વૈચ્છિક સાથને લગતા કેસોમાં પોકસો

જોગવાઈઓ હેઠળ અપરાધ નોંધતા પહેલા વાસ્તવીક મેટ્રીકસની નજીકથી તપાસ કરવી જોઈએ.

૯) નામદાર સુપ્રીમ કોર્ટે કીશનસિંહ વિ. ગુરપાલસિંહ, (ફોજદારી અપીલ નં. ૧૫૦૦ /૨૦૧૦, તા. ૧૨/૦૮/૨૦૧૦)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, ફરીયાદ દાખલ કરવામાં કારણ વગરનો વિલંબ ફરીયાદપક્ષના કેસને નબળો પાડે છે અને આરોપી ની સત્યતા અંગે શંકા પેદા કરે છે.

૧૦) નામદાર મદ્રાસ હાઈકોર્ટે વિજયલક્ષ્મી વિ. સ્ટેટ, (ફોજદારી અપીલ નં. ૨૩૨/ ૨૦૨૧, તા. ૨૭/૦૧/૨૦૨૧)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, તરૂણાવસ્થાની જૈવસામાજીક વાસ્તવિકતાઓ પર પ્રકાશ પાડે છે. ભાગી જવાના સંજોગોમા યુવાનોને સજા ન થાય તે માટે કાયદામા સુધારા કરવાની વિનંતી કરે છે. પરીવારો ધ્વારા પોકસોના દુરૂપયોગ સામે રક્ષણ આપે છે. બાળ સુરક્ષાને વ્યકિતગત સ્વતંત્રતા સાથે સંતુલીત કરે છે.

૧૧) નામદાર કલકત્તા હાઈકોર્ટે રણજીત રાજબંશી વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ, (ફોજદારી અપીલ નં. ૪૫૮/૨૦૧૮, તા. ૧૭/૦૯/૨૦૨૧)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, આ કેસમાં બળાત્કારના આરોપોનો સમાવેશ થતો હતો જયાં ફરીયાદપક્ષ મુખ્યત્વે પીડીતાની જુબાની પર આધાર રાખતો હતો. તેણે એવું ઠરાવ્યું હતું કે જો પીડીતાની જુબાની વિશ્વસનીય, સુસંગત અને વિશ્વસનીય હોય તો જ તેને દોષિત ઠેરવી શકાય છે. કોર્ટે ખોટી સજા ટાળીને ન્યાય સુનિશ્ચીત કરવા માટે કાળજીપુર્વક ન્યાયિક ચકાસણી પર ભાર મુકયો હતો.

૧૨) નામદાર દીલ્હી હાઈકોર્ટે અજયકુમાર વિ. સ્ટેટ, (ફોજદારી પરચુ. અરજી નં. ૨૭૨૯/૨૦૨૨, તા. ૨૦/૧૦/૨૦૨૨)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, પોકસોનો હેતુ ૧૮ વર્ષથી ઓછી ઉમરના બાળકોને જાતીય શોષણથી બચાવવાનો હતો. તેનો હેતુ કયારેય યુવાન વયના લોકો વચ્ચે સંમતિથી બનેલા પ્રેમ સંબંધોને ગુનાહીત બનાવવાનો ન હતો. જો કે દરેક કેસના તથ્યો અને સંજોગોમાંથી આ જોવુ જોઈએ. એવા

કીસ્સાઓ હોઈ શકે છે જયાં જાતીય ગુનામાંથી બચી ગયેલી વ્યકિત દબાણ અથવા આઘાત હેઠળ સમાધાન કરવા માટે દબાણ કરવામાં આવે છે.

૧૩) નામદાર સુપ્રીમ કોર્ટે હબીબ મહંમદ વિ. સ્ટેટ ઓફ હૈદરાબાદ, (૧૯૫૪, એઆઈઆર ૫૧, તા. ૦૫/૧૦/૧૯૫૩) ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, આ કેસમાં સુપ્રીમ કોર્ટે આરોપીની સજા રદ કરી. તેઓએ ઠરાવ્યું કે પુરાવાઓની તપાસ ન કરવાથી ટ્રાયલ અન્યાયી બની. ઉપલબ્ધ શ્રેષ્ઠ પુરાવા રજુ કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયો. કોર્ટે ભાર મુકયો કે ફોજદારી ન્યાયમાં ટ્રાયલની નિષ્પક્ષતા આવશ્યક છે. શંકાનો લાભ આરોપીને આપવામા આવ્યો. જેના કારણે તે નિર્દોષ છુટી ગયો.

૧૪) નામદાર સુપ્રીમ કોર્ટે ધ સ્ટેટ ઓફ યુપી વિ. અનુરૂધ્ધ તથા બીજા, (અપીલ નં. ૧૦૬૫૬/૨૦૨૫, તા. ૦૯/૦૧/૨૦૨૬)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, ફોજદારી કેસમાં “beyond reasonable doubt” નો સિદ્ધાંત લાગુ પડે છે. પરિસ્થિતિજન્ય પુરાવાની દરેક કડી સંપૂર્ણ અને નિર્વિવાદ હોવી જરૂરી છે. કેટલાક પુરાવામાં ખામીઓ અને સાક્ષીઓમાં અસંગતતા જોવા મળી. તપાસમાં પણ કેટલીક લાપરવાઈ (investigation gaps) નોંધાઈ. તેથી પ્રોસિક્યુશન સંપૂર્ણ રીતે દોષ સાબિત કરવામાં નિષ્ફળ ગયું.

૧૫) નામદાર સુપ્રીમ કોર્ટે સુઓમોટો પીટીશન નં. ૦૩/૨૦૨૩, કીશોરોના ખાનગી જીવનનો અધીકાર, તા. ૨૩/૦૫/૨૦૨૫ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, Right to Privacy મહત્વપૂર્ણ મૂળભૂત અધિકાર છે. પરંતુ કોર્ટએ એ પણ માન્યું કે કિશોરોના સંદર્ભમાં આ અધિકાર થોડા નિયંત્રણો સાથે લાગુ પડે છે. “Parens patriae” સિદ્ધાંતને કોર્ટએ મહત્વ આપ્યું—રાજ્ય કિશોરોની સુરક્ષા માટે જવાબદાર છે. કોર્ટએ કહ્યું કે રાજ્યના પગલાં proportionate અને reasonable હોવા જોઈએ. જો પગલાં અતિશય (excessive) હોય તો તે ગોપનીયતા ભંગ ગણાશે.

૧૬) નામદાર સુપ્રીમ કોર્ટે દેવરાજ દત્તા વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ, (ફોજદારી અપીલ નં. ૧૬૮૩૮/૨૦૨૫, તા. ૦૭/૦૪/૨૦૨૬)ના ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે, પ્રોસિક્યુશનનો કેસ મુખ્યત્વે પરિસ્થિતિજન્ય પુરાવા પર આધારિત હતો. આવા કેસોમાં દરેક કડી (chain of circumstances) પૂર્ણ અને નિર્વિવાદ (complete & conclusive) હોવી જરૂરી છે. રજૂ થયેલા પુરાવામાં કેટલાક મહત્વપૂર્ણ વિરોધાભાસ

(contradictions) અને ખામીઓ જોવા મળી. કોઈ મજબૂત direct evidence નહોતું જે સીધું આરોપીને ગુનાથી જોડે. તપાસમાં કેટલીક લાપરવાઈ (investigation lapses) પણ ધ્યાનમાં આવી.

આ કામે બંને પક્ષકારો તરફે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટોના વિવિધ ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લેતા તેમાં નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટો જે તે કેસની હકીકત અને સંજોગોને ધ્યાને લઈ ચુકાદાઓ આપેલ છે. પ્રસ્તુત કેસની હકીકત સદરહુ ચુકાદાઓમા જણાવેલ કેસની હકીકત કરતા આંશીક રીતે ભીન્ન પ્રકારની છે. પરંતુ સદરહુ ચુકાદાઓમા નામદાર સુપ્રીમ કોર્ટે તથા નામદાર હાઈકોર્ટોએ જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે તથા જે અવલોકનો કરેલ છે તે ધ્યાને લઈ આ કેસનો ન્યાય નિર્ણય કરવામા આવેલ છે.

(૮) ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– : મુદ્દાઓ : –</u>**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૨(ડી)માં આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા ભોગબનનારનો સમાવેશ થાય છે ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર કે જેની ઉમર ૧૪ વર્ષ ૦૩ માસનીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદપક્ષ એ હકીકત પ્રાથમીક પુરાવાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ કલાક ૧૦:૩૦થી કલાક ૧૨:૩૦ સુધી ના સમયગાળા દરમ્યાન મોજે કપડવંજ–નડીઆદ રોડ ઉપર આવેલ આવકાર

ગેસ્ટ હાઉસના રૂમ નં. ૧૧૭મા આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર કે જેની ઉમર ૧૪ વર્ષ ૦૩ માસ જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦નાનીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેની સાથે એક વાર શારીરીક સંબંધ રાખી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૬૪(૧) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૪. શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ઉપરોકત તારીખ, સમયે ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં તેણી ઉપર જાતિય હુમલો કરી તથા જાતિય સતામણી કરી જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-૪, ૬, ૧૨ મુજબ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૫. શું હુકમ ?

(૮.૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) અંશત: હકારમાં

(૩) હકારમાં

(૪) અંશત: હકારમાં

(૫) આખરી હુકમ મુજબ

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં. (૧)** :-

(૯) આ મુદ્દાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપી ઉપર જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ-૪, ૬ અને ૧૨ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે. સદર કાયદાની કલમ-૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા ભોગ બનનારનો સમાવેશ થાય છે કે કેમ ? તે અંગે

જોઈએ તો, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ બનેલ છે. તે સમયે ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હતી. આ હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત કરેલ છે કે કેમ ? તે અંગે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૧થી ભોગ બનનારને તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં તેઓની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હોવાનો પુરાવો આપેલ છે ત્યારબાદ ફરીયાદપક્ષે ભોગ બનનારના માતા એટલે કે મુળ ફરીયાદીને સાહેદ નં. ૦૨થી તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ની હોવાનો પુરાવો આપેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૩થી ભોગ બનનારની શાળાના આચાર્યને તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં આંક–૨૦થી ભોગ બનનારની શાળાના રજી. નો. ઉતારો રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તેમાં ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/૨૦૧૦ના રોજની દર્શાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં આ સાહેદે તેઓએ ભોગ બનનારને દાખલો આપયો તે સમયે ભોગ બનનાર તેઓની શાળામા અભ્યાસ કરતી હોવાની, આંક–૧૮ વાળો દાખલો ભોગ બનનાર તેઓની શાળામા હાલમા અભ્યાસ કરે છે તે અંગેનો દાખલો હોવાની વિગેરે હકીકતોનો સ્વીકાર કરેલ છે. વધુમાં ફરીયાદપક્ષે અમદાવાદ મ્યુની. કોર્પોરેશનના સબરજીસ્ટ્રાર બ્રિજેશ નવનીતલાલ નાયકને સાહેદ નં. ૦૭થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં આંક–૪૯થી જન્મ મરણના રજીસ્ટરના ઉતારાની નકલ તથા આંક–૫૦થી ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે. જે વંચાણે લેતાં તેમાં ભોગ બનનારની જન્મ તા. ૨૮/૦૬/ ૨૦૧૦ ના રોજની દર્શાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમા બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. આ હકીકતથી વિરૂધ્ધનો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગ બનનારની ઉમર બનાવ સમયે ૧૪ વર્ષ ૦૨ માસ ૩૦ દીવસની હોવાનુ પુરવાર થાય છે. જેથી બચાવપક્ષે ભોગ બનનારની જન્મ તારીખના મુદ્દા બાબતે જે દલીલો કરેલ છે

તે ગ્રાહ્ય રાખવામા આવતી નથી. આમ, ફરીયાદપક્ષ બનાવ સમયે ભોગ બનનારનો સદર કાયદાની કલમ–૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા સમાવેશ થતો હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેલ છે. જેથી **મુદ્દા નં. ૦૧નો જવાબ હકારમા** ઠરાવવામા આવે છે.

(૧૦) ફરીયાદપક્ષની હકીકતના આધારે આરોપી વિરૂધ્ધ તહોમતનામું આંક–૦૫થી બી. એન. એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવવામા આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવાનુ મુલ્યાંકન**

(૧૦.૧) ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારને સાહેદ નં. ૦૧થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ ભોગ બનનાર પોતે છે. ભોગ બનનારની જુબાની, પોલીસ સમક્ષનુ નિવેદન તથા કલમ – ૧૮૩નુ નિવેદન સંયુકત રીતે વાંચતા ભોગ બનનાર અને આરોપી પહેલાથી એકબીજાના પરીચયમા હતા. આરોપીએ ભોગ બનનારને વિશ્વાસમા લઈ તા. ૨૬/૦૯/૨૦૨૪ના રોજ ફોન ઉપર વાત કરી તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ મળવા માટે બોલાવેલ જેથી ભોગ બનનાર તે દીવસે સ્કુલની બહાર ઉભા રહેલ અને આરોપીએ રીક્ષા મોકલેલ તેમાં બેસી આવકાર ગેસ્ટ હાઉસ ખાતે આવેલ. ત્યારે આરોપી ગેસ્ટહાઉસની બહાર મળેલ અને ભોગ બનનારને લઈને રૂમ નં. ૧૧૭મા ગયેલ જયાં આરોપીએ ભોગ બનનાર સાથે ભોગ બનનારની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ. ત્યારબાદ સદર રૂમનો દરવાજો ખખડતા આરોપીએ દરવાજો ખોલેલ અને જોયું તો ભોગ બનનારના માતાપિતા હતા. ભોગ બનનારના માતાપિતા ત્યાંથી તેઓને પો. સ્ટે. લઈ ગયેલ. ભોગ બનનારે તેઓની માતાને બળાત્કાર અંગેની હકીકતો જણાવતા ભોગ બનનારની માતાએ આરોપી વિરૂધ્ધ પો. સ્ટે.મા ફરીયાદ આપેલી. ભોગ બનનાર આરોપીને ઓળખે છે. ભોગ બનનારે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલ. પોલીસ તેઓને કપડવંજ સરકારી દવાખાનામા અને નડીઆદ સીવીલ હોસ્પી.મા લઈ

ગયેલ જયાં ડોકટરે તેઓની મેડીકલ ચકાસણી કરેલ. તેઓએ ડોકટર સમક્ષ હીસ્ટ્રી આપેલ. પોલીસ તેઓને કોર્ટમા જજ સાહેબ સમક્ષ નિવેદન લેવડાવવા લઈ ગયેલ જયાં ભોગ બનનારે જજ સાહેબ સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન આપેલ જેમાં તેઓની સહી છે. પોલીસને તેઓએ બનાવ સમયે પહેરેલ કપડાં આપેલ જે ઓળખી બતાવેલ છે. વધુમાં સદર કામે બચાવપક્ષે ભોગ બનનારની ઉલટતપાસ કરવામા આવેલ જેમા ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસબંધ હોવાનુ તથા તેઓ ઘણા સમયથી એકબીજાના પરીચયમાં હોવાનુ, તેઓના પ્રેમસબંધ વિષે ભોગ બનનારના પરીવારને ગમતુ નહી હોવાનુ, બનાવના દીવસે ભોગ બનનાર સ્કુલમાં ગયેલ નહી પરંતુ આરોપીના કહયા મુજબ આરોપીએ મોકલેલી રીક્ષામા બેસી આવકાર ગેસ્ટ હાઉસ ગયેલ. આરોપી રીક્ષાની આગળ બાઈક ઉપર હતો. ભોગ બનનાર રીક્ષામા ગેસ્ટ હાઉસ નીચે પહોંચેલ ત્યારે આરોપી પણ ત્યાં જ પહોંચેલ. ભોગ બનનાર અને આરોપી ગેસ્ટ હાઉસ નીચે એક થી બે મીનીટ ઉભા રહેલ. ભોગ બનનાર અને આરોપી ગેસ્ટહાઉસના પ્રથમ માળે પહોંચ્યા ત્યારે આરોપી મેનેજરને મળેલ. ભોગ બનનાર અને આરોપી ગેસ્ટહાઉસની રૂમમાં ગયા બાદ ૨૫ થી ૩૦ મીનીટ બાદ ભોગ બનનારના માતાપિતા અને કાકા આવી ગયેલ. ત્યારબાદ પોલીસ આવેલી. આમ, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. ઉલ્ટાનુ ભોગ બનનારની ઉલટતપાસમાં આરોપી ભોગ બનનારને આવકાર ગેસ્ટહાઉસના રૂમ નં. ૧૧૭ મા લઈ ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આમ, ભોગ બનનારનો પુરાવો જોતાં એ હકીકતને સમર્થન મળે છે કે, આરોપીએ ભોગ બનનાર સાથે તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ આવકાર ગેસ્ટહાઉસના રૂમ નં. ૧૧૭મા એક વખત શારીરીક સંબંધ બાંધેલ છે

(૧૦.૨) ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી ભોગ બનનારના માતાને સાહેદ નં. ૦૨થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ મુળ ફરીયાદી તથા ભોગ બનનારના માતા છે. આરોપી ભોગ બનનારને ફોન કરી બોલાવતો હતો. જે તે વખતે ભોગ બનનારનુ નામ ખરાબ ન થાય તથા આબરૂ ના જાય તેથી

ફરીયાદ કરેલ નહી. બનાવ તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ બનેલો. તેઓના દીયર ભોગ બનનારને શાળાએ મુકવા ગયેલા. તે દીવસે તેઓના દીયરે તેમના પતિને ફોન કરી શાળાએ બોલાવેલ જયાં ભોગ બનનારની તપાસ કરતાં ભોગ બનનાર શાળાએ મળેલ નહી. તેઓના દીયરે તેમના પતિને જણાવેલ કે ભોગ બનનારને આરોપી રીક્ષામા લઈ આવકાર ગેસ્ટહાઉસમા ગયેલ છે. સદર હકીકત તેઓના પતિએ તેમને જણાવેલ જેથી તેઓ બધા આવકાર ગેસ્ટહાઉસ ખાતે ગયેલ જયાં આરોપીની મોટરસાઈકલ પડેલ હતી. આવકાર ગેસ્ટહાઉસના રૂમ નં.૧૧૭નો દરવાજો ખખડાવેલ અને પોલીસ પણ આવેલ જેમાં દરવાજો ખોલતા ભોગ બનનાર અને આરોપી સદર રૂમમાં હતાં. ત્યારબાદ ભોગ બનનારે તેઓને જણાવેલ કે આરોપીએ તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ છે. તેઓ આરોપીને ઓળખે છે. તેઓએ આંક–૧૭વાળી આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ છે. વધુમાં સદર કામે બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ભોગ બનનાર આરોપીને એકાદ વર્ષથી ઓળખતી હોવાની અને તેઓ કપડવંજમા અલગ અલગ જગ્યાએ મળતા હોવાની, ભોગ બનનાર આરોપીને મળતી હતી તે હકીકતે તેઓને, તેમના પતિને તથા તેમના દીયરને પસંદ નહી હોવાની, ભોગ બનનાર દીકરી આરોપી સાથે વાત કરવા માટે તેઓના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી હોવાની, આક્ષેપીત બનાવના થોડા દીવસ અગાઉ તેઓની ભોગ બનનાર દીકરીએ તેની બહેનપણીને ફોન કરીને જણાવેલું કે તું ઘનશ્યામને ફોન કર મળવા માટે, ભોગ બનનાર ઘનશ્યામને મળવા માટે તેની બહેનપણીને ફોન કરતી હતી તે તેઓને પસંદ નહી હોવાની, ભોગ બનનાર અને આરોપી આવકાર ગેસ્ટ હાઉસમા જ ગયા છે તે હકીકત તેઓના દીયરે જણાવેલ હોવાની, તેઓ જયારે આવકાર ગેસ્ટહાઉસમાં ગયા ત્યારે પોલીસ પણ હાજર હોવાની, ભોગ બનનાર દીકરી તેની બહેનપણીને ફોન કરીને ઘનશ્યામને મળવાનુ કહેતી હોય તેની તેઓને જાણકારી હોવાથી તેઓ ભોગ બનનાર કયાં જાય છે ? શું કરે છે ? તેની દેખરેખ રાખતા હોવાની, અમદાવાદ મુકામે ભોગ બનનારનો જન્મ નોંધાયેલો તે જન્મનો દાખલો તેઓએ પોલીસને આપેલ નહી કે પોલીસે

તેઓ પાસે માંગેલ નહી હોવાની, તેઓએ તેમની ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે, ''હું આરોપીને ઓળખુ છુ જેનુ નામ ઘનશ્યામ ડબગર છે તે મારી દીકરી ભોગ બનનારને ફોન કરી બોલાવતો હતો'' હોવાની, તેઓએ તેમની ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે, ''મારા પતિએ તપાસ કરેલી, મારા દીયરે મારા પતિને જણાવેલ કે ભોગ બનનારને ઘનશ્યામ રીક્ષામા લઈ આવકાર ગેસ્ટ હાઉસમા ગયેલ છે '' હોવાની, તેઓએ તેમની ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે, ''મારી દીકરીએ મને જણાવેલું કે મે ના પાડી છતાં ઘનશ્યામે મારી સાથે બળાત્કાર કરેલો છે'' હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદીનો પુરાવો જોતા એ હકીકતને સમર્થન મળે છે કે, આરોપી ભોગ બનનારને તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ આવકાર ગેસ્ટહાઉસના રૂમ નં. ૧૧૭મા લઈ ગયેલ અને ભોગ બનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ છે

(૧૦.૩) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. કેતન મહેન્દ્રભાઈ મિસ્ત્રીને સાહેદ નં. ૦૪થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ મેડીકલ ઓફીસર છે. તેઓની ફરજ દરમ્યાન આરોપી તથા ભોગબનનારને શારીરીક ચકાસણી માટે તેમની સમક્ષ લાવવામાં આવેલ. તેઓએ આરોપી તથા ભોગબનનારને બનાવ અંગેની હિસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલ હિસ્ટ્રી તેઓના સર્ટી.મા તથા કેસ પેપર્સમા લખી લીધેલ. તેમજ બંનેની શારીરીક ચકાસણી કરી તેમના શરીર ઉપરથી જરૂરી નમુના મેળવી એફ.એસ.એલમાં તપાસણી અર્થે હાજર પોલીસને સોંપેલ હોવાનો પુરાવો આપેલ છે. વધુમા આ સાહેદે આરોપી શારીરીક રીતે સંભોગ કરવા સક્ષમ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદે તેમની જુબાનીમા મેડીકલ પેપર્સ રજુ કરેલ છે જેમાં ભોગબનનારે આ સાહેદ સમક્ષ જે હીસ્ટ્રી આપેલ છે તેમાં ભોગબનનાર સાથે આરોપીએ શારીરીક સબંધ બાંધેલ હોવાનુ જણાવેલ છે. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. જેથી તેઓનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૦.૪) ફરીયાદપક્ષે આ કામે આવકાર ગેસ્ટહાઉસના મેનેજર સુનિલકુમાર દશરથભાઈ બારૈયાને સાહેદ નં. ૦૫થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ આવકાર ગેસ્ટહાઉસના મેનેજર છે. તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ તેઓની નોકરી ઉપર તેઓ હાજર હતા તે દરમ્યાન સવારના અગીયારેક વાગ્યે આરોપી અને ભોગ બનનાર તેઓના ગેસ્ટહાઉસમાં આવેલ અને આરોપીએ તેઓને રૂમ આપવાની વાત કરતા તેઓએ રૂા. ૩૦૦/- ભાડુ લઈ ગેસ્ટહાઉસના ધાબા ઉપર આવેલ રૂમ નં. ૧૧૭ આપેલી. આ રૂમ આરોપીને તેઓની હોટલના રજીસ્ટરમા જરૂરી વિગતો તેઓએ ભરી મોબાઈલ નંબરની નોંધ કરી આરોપી સાથે આવેલ ભોગ બનનાર સાથે રૂમ આપેલી. તેઓ સદર રૂમમા અગીયાર વાગ્યાથી બાર વાગ્યા સુધી રોકાયેલ તે દરમ્યાન પોલીસ અને આરોપી સાથે આવેલ ભોગ બનનારના માતાપિતા બધા ત્યાં આવી ગયેલા. તેઓએ આરોપીને રૂમ નં. ૧૧૭ ભાડે આપેલી તેમને ઓળખી બતાવે છે. તેઓએ સદર કામે આંક-૩૪ વાળો ગેસ્ટહાઉસ ના રજીસ્ટરનો ઉતારો રજુ કરેલ છે જેમાં આરોપીને રૂમ નં. ૧૧૭ ભાડે આપેલ તેની પાનામાં નોંધ કરેલ છે જેમાં પ્રોપરાઈટર તરીકે તેઓના સહી સિકકા છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં તેઓએ પોલીસે તેઓનો જવાબ કયારે લીધો, કઈ ચોકીએ લીધો, કઈ તારીખે લીધો તે ચોકકસ યાદ નહી હોવાની, આંક -૩૪મા જે વિગતો લખેલી તે બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલ હોવાની, તેઓએ તેમની હોટલના રૂમ નં. ૧૧૭નો રૂમ કોને ભાડેથી આપેલ તેના નામ પોલીસને જવાબમા લખાવેલ હોવાની, તેઓએ પોલીસને ૧૧૭ નંબરની રૂમ કોને ભાડે આપેલી તે તેઓએ રજી.મા જોઈને તેઓના નામ પોલીસને લખાવેલ હોવાની, આંક-૩૪વાળા રજી.ના પાનાના ઉતારામા ક્રમ નં. ૧૦મા રૂમ નં. ૧૧૭ જેને ભાડે આપેલ તેઓના નામ આરોપી અને ભોગ બનનારના લખેલ હોવાની વિગેરે હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. ઉલ્ટાનુ આ સાહેદની ઉલટતપાસમાં આરોપી ભોગ

બનનારને આવકાર ગેસ્ટહાઉસના રૂમ નં. ૧૧૭મા લઈને આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ સાહેદનો પુરાવો જોતાં એ હકીકતને સમર્થન મળે છે કે, આરોપીએ ભોગ બનનારને તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ આવકાર ગેસ્ટહાઉસના રૂમ નં. ૧૧૭મા લઈ ગયેલ.

(૧૦.૫) ફરીયાદપક્ષે ભોગ બનનાર તથા આરોપીના કપડા કબ્જે કર્યાનુ તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ મયંકકુમાર દશરથભાઈ પટેલને સાહેદ નં. ૦૬થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા અવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા તેમની તથા બીજા પંચસાહેદ નરેશકુમાર ભુદરભાઈ જોષીની હાજરીમા ઉપરોકત પંચનામાઓમા જણાવેલ વિગતે પંચનામાઓ થયેલ હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપી આંક-૩૬, ૩૭ તથા ૩૮થી સદરહુ પંચનામાઓ રજુ કરેલ છે. બચાવપક્ષે આ સાહેદોની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં એવી કોઈ હકીકત નિકળી આવતી નથી કે, પંચોની હાજરીમા સદરહુ પંચનામાઓ થયેલ નથી.

(૧૦.૬) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. દૈવત રાકેશભાઈ શાહને સાહેદ નં. ૦૮થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ મેડીકલ ઓફીસર છે. તેઓ સમક્ષ ભોગ બનનારને કપડવંજ સરકારી હોસ્પી.ની ટ્રાન્સફરચીટ સાથે લાવેલ. તેઓની હોસ્પી.મા ભોગ બનનારનો કેસ નોંધવામા આવેલ. જેમા ભોગ બનનારના વાલીની તપાસ માટે સંમતિ લીધેલી. ભોગ બનનારની આંક-૫૫થી હીસ્ટ્રી પુછતાં ભોગ બનનારે તેઓને જણાવેલ કે, ''ધોરણ-૦૯મા ભરણી ભોગ બનનાર સ્કુલથી રીક્ષામા બેઠા આવકાર ગેસ્ટ હાઉસમા નીકળ્યા હતા ત્યાં દસ પંદર મીનીટમા સંબંધ બાંધ્યા બંનેની સંમતિથી પછી ત્યારબાદ મમ્મી-પપ્પા આવ્યા બાદ ત્યારબાદ પોલીસ આવ્યા આની પહેલા ત્રણ ચાર વાર સંબંધ બાંધ્યા છે તે છોકરો (ઘનશ્યામ) દોઢ વર્ષથી ઓળખે છે. તે છોકરી એમના ફળીયામા રહી રહયો છે.'' તેઓએ ભોગ બનનારને ડો. અશ્વીન ઘોરી સમક્ષ મોકલેલ. ડો. અશ્વીન ઘોરીએ ભોગ બનનારની ગાયનેક તપાસ કરેલી. તેણીનુ હાયમન તુટેલુ હતુ

અને ઘડીયાળની પોઝીશનમા ૮ કલાકનુ હતુ તથા તેણીના શરીરે કોઈ ઈજાના નિશાન જણાયેલા નહી, તેમજ ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જણાયેલા નહી હોવાનો પુરાવો આપેલ છે.

(૧૦.૭) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. અશ્વીન ભીખાલાલ ધોરીને સાહેદ નં. ૯થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ મેડીકલ ઓફીસર છે. તેઓ સમક્ષ ભોગ બનનારને કપડવંજ સરકારી હોસ્પી.ની ટ્રાન્સફરચીટ સાથે લાવેલ. તેઓની હોસ્પી.મા ભોગ બનનારનો કેસ નોંધવામા આવેલ. જેમા ભોગ બનનારના વાલીની તપાસ માટે સંમતિ લીધેલી. ભોગ બનનારની આંક–૫૫થી હીસ્ટ્રી પુછતાં ભોગ બનનારે તેઓને જણાવેલ કે, ''ધોરણ–૦૯મા ભરણી ભોગ બનનાર સ્કુલથી રીક્ષામા બેઠા આવકાર ગેસ્ટ હાઉસમા નીકળ્યા હતા ત્યાં દસ પંદર મીનીટમા સંબંધ બાંધ્યા બંનેની સંમતિથી પછી ત્યારબાદ મમ્મી–પપ્પા આવ્યા બાદ ત્યારબાદ પોલીસ આવ્યા આની પહેલા ત્રણ ચાર વાર સંબંધ બાંધ્યા છે તે છોકરો (ઘનશ્યામ) દોઢ વર્ષથી ઓળખે છે. તે છોકરી એમના ફળીયામા રહી રહયો છે.'' તેઓએ ભોગ બનનારની ગાયનેક તપાસ કરેલી. તેણીનુ હાયમન તુટેલુ હતુ અને ઘડીયાળની પોઝીશનમા ૮ કલાકનુ હતુ તથા તેણીના શરીરે કોઈ ઈજાના નિશાન જણાયેલા નહી, તેમજ ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જણાયેલા નહી હોવાનો પુરાવો આપેલ છે.

(૧૦.૮) ફરીયાદપક્ષે આ કામે ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અમલદાર અજિતકુમાર રામજીભાઈ ચૌધરીને સાહેદ નં. ૧૦થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અમલદાર છે. તેઓ તેમની ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદી તેઓ સમક્ષ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપવા આવેલ અને ફરીયાદ સાથે ભોગ બનનારનુ બોનાફાઈલ સર્ટી. રજુ કરેલ. ફરીયાદમા તેઓ રૂબરૂ ફરીયાદીની સહી છે. ફરીયાદ તેઓના પો. સ્ટે.મા ગુ.ર.નં. ૩૯૦/૨૪થી દાખલ થયેલ. તે દરમ્યાન સદર ગુનાની તપાસ તેઓને

મળેલ. સદર ગુના સબંધી ગુનાવાળી જગ્યાનુ પંચનામું, ભોગ બનનારનુ નિવેદન, ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા માટે કાર્યવાહી કરી નિવેદન લેવડાવેલ હોવાની, તપાસ દરમિયાન કબજે કરેલ કપડાં એફ. એસ. એલ.મા તપાસણી અર્થે રવાનગી નોંધ સાથે હોવાનુ તથા બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ હોવાનુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલ હોવાનુ ત્યારબાદ સદર ગુનાના તપાસના કાગળો પી.આઈ.શ્રી દેવડાને સોંપેલ હોવાનો પુરાવો આપેલ છે.

(૧૦.૯) ફરીયાદપક્ષે આ કામે તપાસ કરનાર અમલદાર જનકસિંહ દીલીપસિંહ દેવડાને સાહેદ નં. ૧૧થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો સદર ગુનાની તપાસ તેઓને મળેલ. આ ગુનાની મુખ્ય તપાસ પી.આઈ. એ. આર. ચૌધરીએ કરેલ હોવાની, તેઓએ ભોગ બનનારનુ જજ સાહેબ સમક્ષ નીવેદન લેવડાવવા માટે ભોગ બનનારને નામ. કોર્ટ સમક્ષ મોકલી આપી નિવેદન લેવડાવેલ હોવાનુ તથા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

**<u>મુદ્દા નં. (૨) :–</u>**

(૧૧) આરોપી ઉપર ભોગબનનારનુ કાનૂની વાલીપણામાથી લલચાવી ફોસલાવી, પટાવી જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જવાનો આક્ષેપ છે. તે અંગે જોઈએ તો બી.એન.એસ.ની કલમ–૧૩૭મા કાનૂની વાલીપણામાથી અપહરણ તથા કલમ–૧૩૮ મા અપનયનની તથા કલમ–૧૩૭મા અપહરણના ગુનાની સજાની જોગવાઈ તથા કલમ–૮૭મા કોઈ સ્ત્રીને લગ્ન વગેરેની ફરજ પાડવા તેનુ અપહરણ, અપનયન કે લાલચ આપવા અંગે જોગવાઈ કરવામા આવેલ છે. જે નીચે મુજબ છે.

(૧૧.૧) **બી.એન.એસ.ની કલમ ૧૩૭ અપહરણ:–** ૧) અપહરણના બે પ્રકાર છે. ભારતમાંથી અપહરણ અને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ.

(ક) જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેની અથવા તેના વતી સંમતિ આપવા માટે કાયદેસર રીતે અધિકાર ધરાવતી કોઈ વ્યકિતની સંમતિ લીધા વિના ભારતની સીમા બહાર લઈ જાય, તેણે તે વ્યકિતનુ ભારતમાંથી અપહરણ કર્યુ કહેવાય.

(ખ) કોઈ બાળકને અથવા અસ્થિર મગજના કોઈ વ્યકિતને તેના કાયદેસરના વાલીપણામાંથી એવા વાલીની સંમતિ વિના એવા અસ્થિર મગજના બાળક અથવા વ્યકિતને જે કોઈ વ્યકિત લઈ જાય અથવા ફોસલાવીને લઈ જાય તેણે એવા બાળકનુ અથવા એ વ્યકિતનુ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યુ કહેવાય.

સ્પષ્ટીકરણ :- આ ખંડમા કાયદેસરના વાલી એ શબ્દોમા એવા બાળકની અથવા અન્ય વ્યકિતની સંભાળ અથવા હવાલો જે વ્યકિતને કાયદેસર રીતે સોંપવામા આવ્યો હોય તે વ્યકિતનો સમાવેશ થાય છે.

અપવાદ :- શુધ્ધબુધ્ધિથી પોતાને કોઈ અનૌરસ બાળકનો પિતા માનતી હોય અથવા એ બાળકને કાયદેસર હવાલામા રાખવાનુ પોતાને હક હોવાનુ માનતી હોય એવી કોઈ વ્યકિતના કૃત્યને આ ખંડ લાગુ પડતો નથી, સિવાય કે એવુ કૃત્ય અનૈતિક અથવા કાયદા વિરૂધ્ધના હેતુ માટટે કરવામા આવ્યું હોય.

(૧૧.૨) **બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨)** મુજબ જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતનુ ભારતમાંથી અથવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરે તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૧૧.૩) **બી.એન.એસ.ની કલમ ૮૭.** જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરૂધ્ધ કોઈ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામા આવશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં અથવા તેને લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામા આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તેનુ અપહરણ કરે અથવા અપનયન કરે, તેને ૧૦ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે, અને દંડ ને પણ

પાત્ર થશે. એ જે વ્યકિત, કોઈ સ્ત્રીને અન્ય વ્યકિત સાથે લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાની અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામા આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તે સ્ત્રીને આ અધિનીયમની વ્યાખ્યા કર્યા મુજબની ગુનાહીત ધમકીથી અથવા અધિકારનો દુરૂપયોગ કરીને અથવા બીજી કોઈ રીતે જબરજસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે તેને પણ ઉપર જણાવ્યા મુજબની શિક્ષા કરવામા આવશે.

(૧૨) હવે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા મુદ્દા નં. ૧મા ચર્ચા કર્યા મુજબ ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૪ વર્ષ ૦૨ માસ ૩૦ દીવસની હતી એટલે કે, ભોગબનનારની બનાવ સમયે ૧૬ વર્ષથી નીચેની હતી. ભોગબનનાર તથા અન્ય સાહેદોનો પુરાવો સંયુકત રીતે વંચાણે લેતાં એ હકીકત પુરવાર થાય છે કે, ભોગબનનાર બનાવ સમયે તેમના માતાપિતા સાથે રહેતા હતા. રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગ બનનારને આરોપીએ તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ તેની સાથે લઈ જતી વખતે તેના માતાપિતાની સંમતિ લીધી હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. બી.એન.એસ.ની કલમ–૧૩૭મા કરવામા આવેલ જોગવાઈ મુજબ કોઈ બાળકને તેના કાયદેસરના વાલીપણામાંથી એવા વાલીની સંમતિ વિના જે કોઈ વ્યકિત લઈ જાય તે વ્યકિતએ તે બાળકનુ અપરહણ કર્યુ કહેવાય. આ કેસમાં પણ આરોપીએ ભોગ બનનારને તેમની સાથે લઈ જતી વખતે તેણીના માતાપિતા કે વાલીની સંમતિ લીધેલ નથી. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપીએ બી.એન.એસ.ની કલમ–૧૩૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે તેવુ આ કોર્ટનુ માનવુ છે.

(૧૩) આરોપી ઉપર બી.એન.એસ.ની કલમ–૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે કેમ ? તે અંગે જોઈએ તો સાહેદ નં. ૦૨થી ફરીયાદીને તપાસવામા આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં તેમની ભોગ બનનાર દીકરીને આરોપી લલચાવી, ફોસલાવી કે બળજબરીથી ભગાડી

ગયેલ હોય તેવો કોઈ પુરાવો આવેલ નથી. ભોગ બનનારનો પુરાવો ઘ્યાને લેતા પણ આરોપી તેઓને તેની ઈચ્છા વિરૂઘ્ઘ, બળજબરીથી કે લલચાવી, ફોસલાવી અપહરણ કરી લઈ ગયેલ હોય તેવો કોઈ નિ:શંક પુરાવો આપેલ નથી. વઘુમાં ભોગ બનનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમા પણ આરોપી તેઓને તેની ઈચ્છા વિરૂઘ્ઘ બળજબરીથી કે લલચાવી, ફોસલાવી લઈ ગયેલ હોવાનો કોઈ પુરાવો આપેલ નથી. વઘુમા ભોગ બનનારનો પુરાવોમા એવી કોઈ હકીકત નિકળી આવતી નથી કે આરોપીએ તેણીની ઈચ્છા વિરૂઘ્ઘ કોઈ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદેથી અથવા તેને લગ્ન બાહય સંભોગ કરવાના ફરજ પાડવાના ઈરાદાથી અપહરણ અથવા અપનયન કરીને લઈ ગયેલ હોય. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ફરીયાદપક્ષે આરોપીએ બી.એન.એસ.ની કલમ–૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે તેવુ આ કોર્ટનુ માનવું છે. જેથી **મુદ્દા નં. (૨) નો જવાબ અંશત: હકારમા** ઠરાવવામા આવે છે.

<u>**મુદ્દા નં. (૩) :–**</u>

(૧૪) આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૬૪(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષ આ હકીકત નિ:શંકપણે સાબીત કરે છે કે કેમ ? તે અંગે સૌ પ્રથમ બી.એન.એસ.ની કલમ–૬૩મા બળાત્કારની વ્યાખ્યા આપવામા આવેલ છે જે નીચે મુજબ છે.

(૧૪.૧) **બી.એન.એસ.ની કલમ–૬૩ બળાત્કાર :–** કોઈ પુરૂષે બળાત્કાર કર્યો ગણાશે, જો તે –

(ક) સ્ત્રીના પ્રજનન ભાગ, મોં, પેશાબની નળી અથવા ગુદાના ભાગે તેનુ શિશ્ન દાખલ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરતાં પ્રેરે અથવા

(બ) શિશ્ન સિવાય શરીરનો કોઈપણ ભાગ અથવા કોઈ વસ્તુ સ્ત્રીના પ્રજનન ભાગ, મુત્રનલીકા, અથવા ગુદાના ભાગમા ગમે તેટલા હદથી દાખલ કરવી અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે અથવા

(ગ) સ્ત્રીના શરીરનો પ્રજનનનો ભાગ, મુત્રનલીકા, ગુદા અથવા શરીરના કોઈપણ ભાગમાં હાથથી પ્રવેશ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે અથવા

(ઘ) સ્ત્રીના પ્રજનન ભાગ, મુત્રનલીકા, ગુદાના ભાગે તેનુ મોં લગાવવુ અથવા તેણીને તેની સાથે અથવા બીજા પુરૂષ સાથે તેમ કરવા પ્રેરીને, નીચે વર્ણવેલા સાત પૈકીના કોઈપણ સંજોગો હેઠળ તેમ કરે.

પ્રથમ :– તે સ્ત્રીની ઈચ્છા વિરૂધ્ધ.

બીજો :– તે સ્ત્રીની સંમતિ સિવાય.

ત્રીજો :– તે સ્ત્રીની સંમતિથી, જયારે તેણીની સંમતિ તેણીને અથવા તેને જે વ્યકિતમા હિત હોય તેવી વ્યકિતના ઈજા અથવા મૃત્યુના ભય નીચે મેળવેલ હોય

ચોથો :– તેણીની સંમતિથી, જયારે પુરૂષ જાણતો હોય કે, તે તેણીનો પતિ નથી અને તેણીની આપેલ સંમતિનુ કારણ તે બીજો પુરૂષ જેની સાથે તેણીના કાયદેસર લગ્ન થયાનુ તેણી માનતી હોય.

પાંચમો :– તેણીની સંમતિથી, જયારે સંમતિ આપતી વખતે અસ્થિર મગજ અથવા નશો અથવા તેણીને જાતે અથવા અન્ય કોઈ મારફતે કોઈ નશાયુકત અગર મુર્છીત કરનાર પદાર્થ આપવામા આવે જેથી તેણીએ આપેલ સંમતિનો અર્થ અને તેનુ પરિણામ સમજી શકવા અશકિતમાન હોય,

છઠ્ઠો :– તેણીની સંમતિ અથવા સંમતિ વિના જયારે તેણી ૧૮ વર્ષની નાની ઉંમરની હોય.

સાતમો :– જયારે તેણી સંમતિ પ્રસારીત કરવા અસમર્થ હોય.

(૧૪.૨) **બી.એન.એસ.ની કલમ–૬૪(૧)** મુજબ જે કોઈ વ્યકિત પેટા કલમ(૨)થી જોગવાઈ કરેલા કેસમાં હોય તે સિવાય બળાત્કાર કરે તેને દસ વર્ષથી ઓછી નહી પણ આજીવન કેદની મુદત સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની સખત કેદની શિક્ષા કરવામા આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૧૪.૩) ઉપરોકત મુદ્દા નં. ૧મા ચર્ચા કર્યા મુજબ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હતી. ભોગ બનનારને સાહેદ નં. ૧થી તપાસવામા આવેલ છે. તેનુ મુલ્યાંકન અગાઉ કરવામા આવેલ છે. તે મુજબ આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ વધુમા ભોગ બનનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમા તથા પોલીસ રૂબરૂના નિવેદનમા આરોપીએ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનુ જણાવેલ છે. ભોગ બનનારે કોર્ટ સમક્ષ આપેલ પુરાવો, ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રી આ તમામ પુરાવા સંયુકત રીતે વાંચતા એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં ભોગ બનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ છે. આ કામે મેડીકલ ઓફીસરે આરોપી શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હોવાનો પુરાવો આપેલ છે. બચાવપક્ષે આ હકીકતોનુ ખંડન કરતો કોઈ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. આમ, જયારે ભોગ બનનારે કોર્ટ સમક્ષ પુરાવો આપી આરોપીએ તેની સાથે શારીરીક સબંધ બાંધેલ હોવાનો પુરાવો આપેલ હોય તેમજ ડોકટર સમક્ષની હીસ્ટ્રીમા પણ આ જ હકીકત જણાવેલ હોય જેથી તે નહી માનવાને કોઈ કારણ નથી. આમ, ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય છે.

(૧૫) ફરીયાદપક્ષ તરફે એવી દલીલ કરેલ છે કે, ભોગબનનાર ૧૬ વર્ષથી નીચેની ઉમરની છે. જેથી ભોગબનનારની સંમતિથી શરીર સંબંધ બાંધ્યો હોય તો પણ તે બળાત્કારનો ગુનો ગણાય. આ દલીલના સમર્થનમા વિ.એ.પી.પી.શ્રીએ નામદાર ગુજરાત હાઈકોર્ટે ધી સ્ટેટ ઓફ ગુજરાત વિ. અશોકભાઈ સ/ઓ માવજીભાઈ કેશવજી પરમારના કેસમાં આપેલ ચુકાદો (ફોજદારી અપીલ નં. ૧૧૫૩/૨૦૧૭ સાથે ફોજદારી અપીલ નં. ૩૯૪/૨૦૧૮, તા. ૧૩/૦૬/૨૦૧૮) રજુ કરેલ છે. આ કેસની હકીકત મુજબ ભોગ બનનાર બાળકની ઉમર ૧૬ વર્ષ કરતા ઓછી હતી તેણી સ્વેચ્છાએ આરોપી સાથે ભાગી ગયેલી, તેઓ બંને વચ્ચે પ્રેમસંબંધ હતો. આરોપીએ ભોગ બનનારની સંમતિથી શરીર સંબંધ બાંધેલા. જેમાં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલુ કે, ૧૮ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રી સાથે કરેલ શારીરીક સંબંધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૬૩

અને ૬૪ હેઠળ દુષ્કર્મ છે. વધુમાં ૧૮ વર્ષની નીચેની બાળા, બાળકોને જાતિય ગુનામાં થી રક્ષણ આપતા અધિનિયમની કલમ–૨(ડી) હેઠળ ''બાળક'' છે. તેથી આરોપીનુ આ કૃત્ય બાળકોને જાતિય ગુનામાંથી રક્ષણ આપતા અધિનિયમની કલમ ૩ હેઠળ ગુનો બને છે.

પ્રસ્તુત કેસમા પણ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ભોગબનનાર ''બાળક'' છે. જેથી બી.એન.એસ.ની કલમ–૬૩મા કરવામા આવેલ જોગવાઈ મુજબ ''બાળક''ની સંમતિથી કે સંમતિ વગર સંભોગ થયેલ હોય તો પણ તે બળાત્કારનો ગુનો ગણાય. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતા બનાવ સમયે આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવા છતાં આરોપીએ ભોગબનનારની સાથે શારીરીક સંભોગ કરી બળાત્કાર કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થાય છે તેવુ આ કોર્ટનુ માનવુ છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપીએ બી.એન.એસ.ની કલમ–૬૪(૧) હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ નિવડેલ છે તેવુ આ કોર્ટનુ માનવું છે જેથી **મુદ્દા નં. (૩)નો જવાબ હકારમા** ઠરાવવામા આવે છે.

**<u>મુદ્દા નં. (૪) :–</u>**

(૧૬) આરોપી સામે જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨મા કરવામા આવેલ જોગવાઈઓનો ભંગ કરેલ હોવાનો આક્ષેપ છે એટલે કે, આરોપી સામે સદર કાયદાની કલમ–૪, ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. સદર કાયદાની કલમ ૩(એ), ૫(એલ) તથા ૧૧ નીચે મુજબ છે.

(૧૬.૧) **કલમ–૩. પ્રવેશ જાતિય હુમલો :–** કોઈ પણ વ્યકિતએ નીચેના સંજોગોમા ''પ્રવેશ જાતિય હુમલો'' કર્યો છે તેવુ કહેવામા આવશે. (એ)..પોતાનુ લીંગ કોઈ પણ સીમા સુધી કોઈ બાળકના યોનિમાર્ગ, મોઢામા, મુત્ર માર્ગમા અથવા ગુદામા પ્રવેશ

કરાવે અથવા બાળક ધ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કોઈ કૃત્ય કરાવે અથવા

(બી)..કોઈ વસ્તુ અથવા શરીરના કોઈ પણ ભાગને કે જે લીંગ નથી તેને કોઈ પણ સીમા સુધી બાળકની યોનિ, મુત્ર માર્ગ અથવા ગુદામા દાખલ કરે અથવા બાળક ધ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કોઈ કૃત્ય કરાવે અથવા,

(સી)..કોઈ બાળકના શરીરના કોઈપણ અંગ સાથે હસ્તક્રિયા કરે કે જેનાથી તે બાળકની યોની, મુત્રમાર્ગ અથવા ગુદા અથવા શરીરના કોઈ પણ ભાગમા પ્રવેશ કરી શકે અથવા બાળક ધ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કોઈ કૃત્ય કરાવે, અથવા

(ડી)..બાળકના લીંગ, યોની, ગુદા અથવા મુત્રમાર્ગ ઉપર પોતાનુ મોઢુ લગાવે અથવા બાળકને એવી વ્યકિત સાથે અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કરાવે.

(૧૬.૨) **કલમ–૪. પ્રવેશ જાતિય હુમલો માટેની સજા :–** જે કોઈપણ પ્રવેશ જાતિય હુમલો કરશે તેને બેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા કે જેનો સમય સાત વર્ષથી ઓછો ન હોય પણ જેને આજીવન કેદ સુધી કરી શકાશે અને તે દંડને પાત્ર થશે.

(૧૬.૩) **કલમ–૫. ગંભીર પ્રવેશ જાતિય હુમલો :–**

**(એલ)** જે, કોઈ બાળક ઉપર એકથી વધુ વખત અથવા વારંવાર પ્રવેશ જાતિય હુમલો કરે અથવા......

(૧૬.૪) **કલમ–૬. ગંભીર પ્રવેશ જાતીય–હુમલા માટેની સજા :–**

જો કોઈપણ ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરે તેને વીસ વર્ષ કરતા ઓછી ન હોય તેવી સખત કેદની સજા કે જેને આજીવન કેદ સુધી વિસ્તારી શકારે અને આ સાથે દંડને પણ પાત્ર ઠરશે.

(૧૭) હવે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨મા કરવામા આવેલ જોગવાઈ મુજબ આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને ૯ અન્વયેના ગુનાઓ

અંગે માની લેવાની બાબત, તથા આરોપીની ગુનહાહિત માનસિક સ્થિતિ માની લેવા બાબતે કલમ–૨૯ અને ૩૦ મા જોગવાઈ કરવામા આવેલ છે, જે નીચે મુજબ છે.

**કલમ–૨૯ :–** જયાં, કોઈ વ્યકિતને આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામા આવે ત્યારે, સ્પેશિયલ કોર્ટ ધ્વારા જયાં સુધી તેના વિરુધ્ધનુ સાબીત કરવામા ન આવે ત્યાં સુધી, એવુ માની લેવામા આવશે કે, આવા વ્યકિતએ, યથાપ્રસંગ, એવો ગુન્હો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**કલમ–૩૦ :– ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત (અનુમાન):**

(૧). આ અધિનિયમ અન્વયેના કોઈ પણ ગુના માટે કોઈ પણ ઈન્સાફી કાર્યવાહીમાં, કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે, સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમા સાબીત કરવુ પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મુકવામા આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સંબંધ રહેતો નથી.

(૨). આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબીતી ત્યારે જ ગણવામાં આવશે કે, જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈ પણ શંકા સિવાય આવુ થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જયારે તે બન્યા હોવાની સંભાવનાની પ્રબળતા ધ્વારા સ્થાપિત થયેલ હોય.

**સ્પષ્ટીકરણ:–** આ અધિનિયમમા "**ગુનાહિત માનસિક સ્થિતિ**" મા ઈરાદો, પ્રેરક /પ્રવર્તક કોઈ હકીકતનુ જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈ પણ કારણનો સમાવેશ થાય છે.

(૧૭.૧) ફોજદારી કેસોમા સામાન્ય રીતે જયારે કાયદામા કોઈ સ્પષ્ટ જોગવાઈ ન હોય ત્યારે જે ગુન્હાનુ તહોમત આરોપી વિરુધ્ધ મુકવામા આવ્યુ હોય ત્યારે તે તહોમત

નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ પર રહે છે. પરંતુ જયારે કોઈ પણ કાયદામા સ્પષ્ટ જોગવાઈ કરી અને રીવર્સ સાબીતીનો બોજો આરોપી ઉપર મુકવામા આવેલ હોય ત્યારે પોતે તે ગુનાહીત કૃત્ય કરેલ નથી તેવુ સાબીત કરવાનો બોજો આરોપી પર રહે છે. પોકસો એકટની કલમ–૩, ૫, ૭ અને ૯ મુજબના ગુન્હા અંગેનુ તહોમત જયારે આરોપી પર મુકવામા આવેલ હોય ત્યારે પોકસો એકટની કલમ–૨૯ મુજબ આરોપીએ તેવુ ગુન્હાહિત કૃત્ય કરેલ છે અથવા તો તે અંગેનુ દુષ્પ્રેરણ કે તેવુ ગુનાહીત કૃત્ય કરવા પ્રયત્ન કરેલ છે તેવી હકીકતનુ અનુમાન કોર્ટ જયાં સુધી તેનાથી વિરુધ્ધની હકીકત તેવી વ્યકિત પુરવાર ન કરે ત્યાં સુધી કરવાનુ રહે છે. તેજ રીતે તેવુ ગુનાહીત કૃત્ય કરતા સમયે તેવા વ્યકિતની માનસિક સ્થિતિ તે ગુનાહીત કૃત્ય કરવાની હતી અને તે માનસિક સ્થિતિમા તેનો ઈરાદો, પ્રેરક/પ્રવર્તક, કોઈ હકીકતનુ જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈ પણ કારણનુ પણ સમાવેશ કરવામા આવે છે. પરંતુ સામાન્ય ક્રમમાં પોકસો એકટની કલમ–૩, ૫, ૭, ૯મા દર્શાવ્યા મુજબના ગુનાહીત કૃત્યની પાયાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલી છે. અને ફરિયાદપક્ષ તેવી હકીકત પુરવાર કરે ત્યારે કાયદાકીય જોગવાઈઓ મુજબ રીવર્સ સાબીતીનો બોજો આરોપી પર રહે.

હવે હાલના કેસમા આરોપી વિરુધ્ધ અન્ય ગુનાઓ પૈકી પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨ મુજબના ગુનાહીત કૃત્યનુ પણ તહોમત છે ત્યારે પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ મુજબનુ અનુમાન જે તે ગુન્હા માટે આરોપીની વિરુધ્ધ કરવા પાત્ર રહે છે. પરંતુ તે માટે પ્રાથમિક પુરાવો રજુ કરવો તે ફરિયાદપક્ષની ફરજ બની રહે છે.

(૧૭.૨) ઉપરોકત મુદ્દા નંબર–૧મા ચર્ચા કર્યા મુજબ ભોગ બનનારની બનાવ સમયે ઉમર ૧૪ વર્ષ અને ૦૩ માસ ૩૦ દીવસની હતી એટલે કે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૨(ડી)મા કરવામા આવેલ જોગવાઈ મુજબ ભોગ બનનારનો ''બાળક''ની વ્યાખ્યામા સમાવેશ થાય છે. વધુમા આરોપી, ભોગ બનનાર ''બાળક'' હોવાનુ જાણતા હોવા છતા તેને તા. ૨૭/૦૯/૨૦૨૪ના સવારના અગીયારેક

વાગ્યાના અરસામા આવકાર ગેસ્ટહાઉસમા રૂમ નં. ૧૧૭મા ભોગ બનનારને રાખેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. ત્યારે આરોપીનો પ્રથમથી જ ઈરાદો ભોગ બનનાર સાથે બદકામ કરવાનો હતો. જયારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ભોગ બનનાર સાથે એક વખત બળાત્કાર (સંભોગ) કરેલ હોવાનુ પણ પુરવાર થયેલ છે. તે જોતા આરોપીએ જે કૃત્ય કરેલ છે તે કૃત્યનો સમાવેશ પ્રવેશ જાતિય હુમલાની વ્યાખ્યામા થાય છે. આરોપી પક્ષે આનાથી વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર: પુરાવો જોતા આરોપીએ જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનુ પુરવાર કરવામા ફરિયાદપક્ષ સફળ નિવડેલ છે. જયારે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૮) હવે આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. કલમ–૧૨મા જાતિય સતામણી માટેની સજાની જોગવાઈ છે અને કલમ–૧૧મા જાતિય સતામણી કોને કહેવાય તેની જોગવાઈ કરવામા આવેલ છે જે નીચે મુજબ છે.

(૧૮.૧) **કલમ–૧૧ :– જાતીય–સતામણી અને તેના માટેની શિક્ષા**

એવી વ્યકિત, કે જે વ્યકિત જાતીય ઈરાદા સાથે,–

કોઈ શબ્દ ઉચ્ચારે અથવા કોઈ અવાજ કાઢે કે જેને બાળક સાંભળી શકે, અથવા કોઈપણ હાવભાવ દ્વારા અથવા ઈરાદાથી કોઈ વસ્તુ કે શરીરનો કોઈપણ અંગ બતાવે કે જેને બાળક જોઈ શકે; અથવા

બાળકને તેના શરીર અથવા તેના શરીરનો કોઈપણ ભાગને એવી રીતે પ્રદર્શીત કરાવે કે, તેને આવી વ્યકિત અથવા અન્ય કોઈ વ્યકિત જોઈ શકે; અથવા

નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે પ્રચાર–પ્રસારના માધ્યમ અથવા અન્ય કોઈપણ રીત દ્વારા બાળકને કોઈ વસ્તુ તરીકે દેખાડવો: અથવા

પ્રત્યક્ષ રીતે કાંતો ઈલેકટ્રોનીક અથવા તો આંકડાકીય રીતે અથવા અન્ય કોઈપણ સાધન દ્વારા વારંવાર અથવા સતત બાળકનો પીછો કરવો અથવા નજર રાખવી; અથવા

બાળકને કોઈપણ પ્રચાર–પ્રસારના કોઈપણ માધ્યમ દ્વારા, વાસ્તવિક કે બનાવટી/ ખોટી રીતના ચિત્ર/શબ્દોમાં કે જે ઈલેકટ્રોનીક, ચલચિત્ર અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીતના માધ્યમ દ્વારા, બાળકના શરીરના કોઈપણ ભાગને અથવા બાળકને સાંકળીને જાતીય–કૃત્ય માટે રજૂ કરીને ઉપયોગ કરવાની ધમકી આપવી; અથવા નગ્ન કામચેષ્ટાના હેતુસર બાળકને લલચાવવો અથવા આના માટે બાળકને ઉપહાર આપવો:

તેઓ એ બાળક ઉપર જાતીય–સતામણી કરે છે, તેમ કહેવાય.

**ખુલાસા :** 'જાતીય–ઈરાદા" સંબંધીત કોઈપણ સંલગ્નતાનો પ્રશ્ન એ "હકીકતનો પ્રશ્ન' ગણાશે.

(૧૮.૨) **જાતીય સતામણી માટેની શિક્ષા**

જે કોઈપણ, બાળક ઉપર જાતીય–સતામણીનો ગુનો કરશે તેને, બન્યનેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસ કે જેને ત્રણ વર્ષ સુધીની કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા થઈ શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે.

આમ, ઉપરોકત કલમમા જાતિય સતામણી અંગે જે જોગવાઈ કરવામા આવેલ છે તેમાં જણાવેલ જોગવાઈ મુજબનો આરોપીએ ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. એટલે કે આરોપીએ સદરહુ કલમની જોગવાઈ મુજબ ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે તેવુ આ કોર્ટનુ માનવુ છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદર **મુદ્દા નં. ૦૪નો જવાબ અંશત: હકારમા** ઠરાવવામા આવે છે.

(૧૯) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પ્રીપ્લાન કરીને ખોટી ઉપજાવી કાઢેલી ફરીયાદ કરેલ છે. તે અંગે રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં બચાવપક્ષે આ બાબતે ઉલટ તપાસમાં કોઈ બચાવ લીધેલ નથી. જેથી બચાવપક્ષની આ દલીલ ગ્રાહ્ય રાખવામા આવતી નથી.

(૧૯.૧) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, તપાસ કરનાર અમલદારે તપાસમાં ઘણી બધી ખામીઓ રાખેલ છે. તે અંગે જોઈએ તો તપાસ કરનાર અમલદારે તપાસમાં એવી કોઈ ખામી રાખેલ નથી કે જેથી ફરીયાદપક્ષના કેસના હાર્દને અસર થાય. વધુમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી સ્પષ્ટપણે પુરાવાથી પુરવાર કરેલ છે. જેથી બચાવપક્ષને સદર દલીલો ગ્રાહ્ય રાખવામા આવતી નથી .

(૧૯.૨) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, વિશાલભાઈએ સ્ટોરી નેરેટ કરેલ છે તે નજરે જોનાર સાહેદ છે તેમને તથા હીરેનભાઈ કે જેઓ મટીરીયલ વિટનેસ છે તેમ છતાં તેઓને તપાસવામા આવેલ નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ ફેટલ બને છે. તે અંગે જોઈએ તો ફરીયાદપક્ષને કયા સાક્ષી તપાસવા અને કયા સાક્ષી ન તપાસવા તે ફરીયાદપક્ષનો વિષય છે. વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ અન્ય જરૂરી સાહેદોને તપાસી કેસ પુરવાર કરેલ છે. જેથી બચાવપક્ષની સદર દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૯.૩) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, આ કામે જે એફ.આઈ.આર. થયેલ છે તે વિલંબથી થયેલ છે. તેથી એફ.આઈ.આર. બાબતે શંકા ઉપસ્થિત થાય છે. તે અંગે જોઈએ તો જે પ્રકારે બનાવ બનેલ છે અને ત્યારબાદનો જે ઘટનાક્રમ થયેલ છે તે જોતાં એફ.આઈ.આર.માં જે વિલંબ થયેલ છે તે ક્ષમ્ય છે. જેથી બચાવપક્ષની સદર દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૨૦) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેના બી.એન.એસ.ની કલમ–૮૭ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૬, ૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય આરોપીને સદર ગુનામા નિર્દોષ ઠરાવવામા આવે છે. જયારે આરોપી સામેના બી.એન.એસ.ની કલમ–૧૩૭, ૬૪(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામા ફરિયાદપક્ષ સફળ નિવડેલ છે, જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૨) અન્વયે સદરહું શિક્ષાપાત્ર ગુન્હાઓમા આરોપીને તકસીરવાર ઠરાવવામા આવે છે, અને સજા અંગે આરોપીને સાંભળવા માટે આ ચુકાદો મુલત્વી રાખવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૫મી, માહે. મે સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૫/૦૫/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

**–: : સજા અંગે સાંભળ્યા : :–**

(૨૧) આરોપીના વિ. વ. શ્રીને ઓનલાઈન હાજર તથા આરોપી હાજર છે. આરોપીના વિ.વ.શ્રીને સજા અંગે સાંભળ્યા. તેઓએ એવી રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમસબંધ હતો તે ધ્યાને લેવા તથા આરોપીની ઉમર ધ્યાને લઈ આરોપીને ઓછામા ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૨૨) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ગુનો પુરવાર થયેલ હોય આરોપીને મહત્તમ સજા કરવા તથા ભોગબનનારને નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવુ વળતર અપાવવા વિનંતી કરેલ છે.

(૨૩) વધુમા આ કામે ભોગબનનાર બાળા બનાવ વખતે ઉમર ૧૪ વર્ષ ૦૩ માસ ૩૦ દીવસની હતી. ભોગબનનાર માતાપિતા મજુરી કરતા ઈસમ છે. આ બનાવથી ભોગબનનારને શારીરીક અને માનસિક હાની થયેલ છે અને આ બનાવથી ભોગબનનારની બાકીની સામાન્ય જીંદગી ઉપર પણ અસર પડેલ છે અને બળાત્કારનો ગુનો માત્ર શરીરને અસર કરે તેવો ગુનો તો છે, પરંતુ વ્યકિતના આત્માનુ મૃત્યુ થાય તેવો ગુનો છે. આ ભોગબનનાર બાળાને પોતાના બાકીની જીવન માટે અને પુન:વસન માટે યોગ્ય વળતરનો હુકમ પણ કરવો ન્યાયી જણાય છે. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત ૨૦૧૨ની કલમ–૩૩(૮) અને નિયમ–૭ મુજબ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(એ) મુજબ અને નામ.સુપ્રિમ કોર્ટ દવારા રીટ પીટીશન (સિવિલ) નં. ૫૬૫/૨૦૧૨–નિપુણ સકસેના વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા, તા. ૦૫/૦૯/ ૨૦૧૮ના ચુકાદા મુજબ ગુજરાત વિકટીમ કોમ્પેસેશન સ્કીમ–૨૦૧૯ ની જોગવાઈઓ મુજબ ભોગબનનારને રૂા. ૪,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાર લાખ પુરા) ચુકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ખેડા(નડીઆદ)ને હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ તમામ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: : આખરી હુકમ : :-**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ઘર્મેશભાઈ વાડીલાલ ડબગર, રહે. મકાન નં. ૨૮, રામબાગ સોસાયટી, દાણા રોડ, મુ. પો. તા. કપડવંજ, જિ. ખેડાને બી.એન.એસ.ની કલમ-૮૭ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ની કલમ-૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમા નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે. જયારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૫૮(૨) અન્વયે સદર આરોપીને બી.એન.એસ.ની કલમ-૧૩૭, ૬૪(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ની કલમ-૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમા તકસીરવાર ઠરાવી નીચે મુજબની સજાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ઘર્મેશભાઈ વાડીલાલ ડબગરને બી.એન.એસ. ની કલમ-૧૩૭ મુજબના ગુન્હા સબબ ૪ વર્ષની સાદી કેદની સજા તથા રુપિયા ૨,૫૦૦/- (અંકે રુપિયા બે હજાર પાંચસો પુરા)નો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ઘર્મેશભાઈ વાડીલાલ ડબગરને બી. એન. એસ. ની કલમ-૬૪(૧) મુજબનાના ગુન્હા સબબ ૧૦ વર્ષની સશ્રમ કેદની સજા તથા રુપિયા ૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ પાંચ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૪) આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ઘર્મેશભાઈ વાડીલાલ ડબગરને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ની કલમ-૪ તથા બી.એન.એસ.ની કલમ-૬૪(૧) મુજબના ગુના પુરવાર થયેલ છે. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ની કલમ-૪૨ની જોગવાઈ ઘ્યાને લેતા

પ્રસ્તુત કેસમા આરોપી સામે જે ગુના પુરવાર થયેલ છે તે પૈકી બી.એન.એસ.ની કલમ–૬૪(૧)માં સજા મહત્તમ હોવાથી જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪માં અલગથી સજા કરવામાં આવતી નથી.

(૫) આ ગુન્હા અંગે આરોપી દંડની રકમ ભરે તો તે રકમ ભોગબનનારને વળતર તરીકે અપીલ સમય બાદ, અપીલ થયેલ ન હોય તો તેની ખરાઈ કરીને ભોગબનનારને ચુકવી આપવા હુકમ કરવામા આવે છે.

(૬) આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ધર્મેશભાઈ વાડીલાલ ડબગરને ફરમાવેલ તમામ સજા એક સાથે ભોગવવી, તથા તેઓએ કાચા કામના કેદી તરીકે જેલમા વિતાવેલ સમય ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૬૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

(૭) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૦૪ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત નકલ આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ધર્મેશભાઈ વાડીલાલ ડબગરને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

(૮) હુકમ મુજબ આરોપી ઘનશ્યામ ઉર્ફે ભયલો સ/ઓ ધર્મેશભાઈ વાડીલાલ ડબગરનુ સજા વોરંટ ભરવા હુકમ કરવામા આવે છે.

(૯) આ કામે કબજે લેવામા આવેલ બીનકીમતી મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

(૧૦) ગુજરાત વિકટીમ કોમ્પેસેશન સ્કીમ–૨૦૧૯મા કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ભોગબનનારને રૂા. ૪,૦૦,૦૦૦–/ (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ચુકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ખેડા(નડીઆદ)ને યાદી કરવી. આ રકમ પૈકી ૭૫ ટકા રકમ ભોગબનનારના નામે ૫(પાંચ) વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં (ભોગબનનાર ઈચ્છે તે રાષ્ટ્રીયકૃત બેંકમાં) જમા રાખવી અને તેનુ વ્યાજ ભોગબનનારને ચુકવવુ તથા બાકીની રકમ ભોગબનનારને જરૂરી ઓળખ અંગેના આધાર પુરાવાની ખાતરી કરી

એકાઉન્ટ પે ચેકથી ચુકવી આપવી. જો ભોગબનનારને કોઈ વચગાળાની રકમ ચુકવવામાં આવેલ હોય અથવા અન્ય કોઈ અધિનિયમ અન્વયે કોઈ વળતરની રકમ ચુકવવામાં આવેલ હોય તો તેટલી રકમ બાદ કરીને રકમ ચુકવવી.

(૧૧) આ હુકમની જાણ કરતી યાદી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ખેડા (નડીઆદ) તથા ભોગબનનારને કરવી.

– હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૫મી, માહે. મે સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૫/૦૫/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ